

## Cadaver Organ Donor

# Lt. Labhuben Meghajibhai Dholariya

**He Donated: Kidneys, Liver & Eyes**

**Date:- 06/06/2018**

DONATE LIFE™
an initiative for organ donation

# બ્રેઈનડેડ લાભુબેન ઢોલરીયાના અંગોનું દાન કરી ચારને નવજીવન આપવામાં આવ્યું

**લાભુબેનની** કિડની, લીવર અને બે ચક્ષુઓનું દાન કરાયું, જે બોરસદ, અંજારના વ્યક્તિઓને અપાયું



## ડોનેટ લાઇફ દ્વારા છેલ્લા ૩ દિવસમાં ૧૩ વ્યકિતઓનું નવજીવન અપાયું

**સુરતમાં** ડોનેટ લાઇફ દ્વારા છેલ્લા ૩ દિવસમાં ૩ બ્રેનડેડ વ્યકિતઓના પરિવારજનોને સમજણ આપી ૫ કિડની, ૨ લીવર અને ૬ ચક્ષુઓનું દાન કરાવવામાં આવ્યું હતું. જેના કારણે વધુ ૧૩ વ્યકિતઓને નવજીવન અપાયું છે.

સુરત : અંગદાન તરીકે ખ્યાતનામ મેળવનારા સુરત શહેરમાંથી આજે વધુ એક મહિલાના અંગોનું દાન કરી વધુ ૪ વ્યકિતઓને નવજીવન અપાયું છે.

મૂળ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના અકાળા ગામના વતની અને હાલ કતારગામ ટેનરીવર પાર્કમાં રહેતા ૭૭ વર્ષિય લાભુબેન મેઘજીભાઇ ઢોલરીયા છેલ્લા ૧૦-૧૨ દિવસથી માથામાં દુઃખાવની ફરિયાદ પરિવારને કરતા હતા. ગત. ૨૮મીએ પરિવાર દ્વારા લાભુબેનને ફરી એકવાર માથામાં તેમજ છાતીમાં દુઃખાવાની ફરિયાદ કરતા કતારગામની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં એમઆરઇ અને એનજયો, સિટી સ્કેન કરાતા તેમની મગજની નસો ફાટી જવાને કારણે લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું તેમજ મગજમાં સોજો હોવાનું બહાર આવ્યું હતું. તેથી વધુ સારવાર અર્થે બીજી જૂનના રોજ લાભુબેનને વધુ સારવાર અર્થે અઠવાગેટની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

જયાં ગતરોજ ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રા અને ન્યુરોફીજીશયન ડો. પાર્થીવ દેસાઇએ લાભુબેનને બ્રેઇનડેડ જાહેર કર્યા હતા. આ અંગે રામકૃષ્ણ એક્પોર્ટના આગેવાન ગોવિંદભાઇ ધોળકિયા અને ડો. હસમુખ સોજીત્રાએ ડોનેટ લાઇફના પ્રમુખ નિલેશ માંડલેવાલાને જાણ કરતા તેઓ પણ પોતાની ટીમ સાથે પહોંચી જઇ પરિવારને અંગદાનનું સમજાવ્યું હતું. જેથી પરિવાર દ્વારા પણ અંગદાનની મંજુરી મળતા ડોનેટ લાઇફ અને આઇકેડીઆરસીના તબીબો દ્વારા કિડની અને લિવરનું દાન લેવામાં આવ્યું હતું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના પ્રમુખ ડો. પ્રફુલ શિરોયાએ લીધું હતું. દાનમાં લેવાયેલી કિડની બોરસદના રહેવાસી ૪૧ વર્ષિય જયકૃષ્ણ કુવાભાઇ પટેલમાં જયારે લિવર અંજારના રહેવાસી ૫૫ વર્ષિય રાજેશ દવેમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું.

# Brain-dead woman saves four lives

**Surat:** A 77-year-old brain-dead woman gifted life to four persons by donating her kidneys, liver and corneas. This is the third consecutive cadaver donation in the city in the last three days.

Labhu Dholariya, a resident of Tenriver Park Society in Katargam, was complaining of severe headache for 10 to 15 days. On May 28, she developed chest pain and was taken to a private hospital. The CT scan and MRI reports revealed swelling and blood clot in the brain. She was shifted to Mahavir Trauma Hospital in Athwalines and neurosurgeon Dr Hasmukh Sojitra declared her brain dead.

Donate Life volunteers convinced her family for cadaver donation and they agreed. A team of IKDRC from Ahmedabad headed by Dr Pranjal Modi collected the kidneys and liver on Wednesday. The corneas were donated to Lokdrashti eye bank. The kidneys were transplanted in 41-year-old Jaykrishna Patel, a resident of Borsad near Anand while 55-year Rajesh Dave of Anjar in Kutch got the liver. TNN

# લેઉવા પટેલ સમાજના બ્રેઈનડેડ વૃધ્ધાના અંગદાનથી ચારને નવજીવન

(પ્રતિનિધિ દ્વારા) સુરત,બુધવાર

સુરત રહેતા લેઉવા પટેલ સમાજના બ્રેઈનડેડ વૃધ્ધાના અંગદાનથી ચાર વ્યક્તિને નવજીવન અને રોશની મળી છે.

મૂળ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના અકાળા ગામના અને હાલ સુરતના કતારગામ ધનમોરા પાસે ૯, ટેનરીવર પાર્ક સોસાયટીમાં રહેતા ૭૭ વર્ષીય લાભુબેન મેઘજીભાઈ ઢોલરીયાને ૧૦-૧૨ દિવસથી માથામાં દુઃખાવાની ફરિયાદ હતી. તા.૨૮મી મેના રોજ માથા સહિત છાતીમાં દુઃખાવાની ફરિયાદ કરતા સ્થાનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેમના મગજની નસો ફાટી જતા લોહીનો ગઠ્ઠો જામી ગયાનું નિદાન થયું હતું.



જેથી તા.૨ જુને તેમને અઠવાગેટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. પણ તા.૫ જુને તેમને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. આ અંગે માહિતી મળતા ડોનેટ લાઈફ સંસ્થાની ટીમે પરિવારને અંગદાન માટે સમજાવ્યા હતા. તેમના નિવૃત્ત શિક્ષક એવા પતિ અને ત્રણ પુત્રોએ તે અંગે સંમતિ આપી હતી.

જેને પગલે તેમની દાનમાં મળેલી કીડની બોરસદ આણંદના જયકૃષ્ણ ફુલાભાઈ પટેલને (ઉ.વ.૪૧), લીવર અંજારના રાજેશ દવેને (ઉ.વ.૫૫)ને ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું. ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટી ચક્ષુબેંકને અપાયું હતું.

**મૂળ લાઠીના લાભુબેન ઢોલરીયાના મગજની નસો ફાટી જતા લોહીનો ગઠ્ઠો જામી ગયો હતો**

# લેઉવા પટેલ સમાજના બ્રેઈનડેડ વૃદ્ધાના અંગદાનથી ચાર વ્યકિતને નવજીવન મળ્યું

સુરત, તા.૬

કતારગામના ચનમોરા કોમ્પલેક્ષ નજીક ટેન રિવર પાર્ક સોસાયટી ખાતે રહેતા મુળ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના અકાળા ગામના નિવૃત શિક્ષક મેઘજીભાઈ કાનજીભાઈ ઢોલરિયાના પત્ની લાભુબેન (ઉ.વ.૭૭) બ્રેઈન ડેડ થતા પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી ચાર વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી. સુરતમાંથી ડોનેટ લાઈફ દ્વારા છેલ્લાં ત્રણ દિવસમાં ત્રણ બ્રેનડેડ વ્યક્તિઓનાં પરિવારજનો સાથે સમજણ કેળવી ૫ કિડની, ૨ લિવર, ૬ ચક્ષુઓનું દાન કરાવીને ૧૩ વ્યક્તિઓને નવજીવન આપવામાં આવ્યું.



લાભુબેનને છેલ્લાં દશ બાર દિવસથી માથામાં દુ:ખાવાની ફરિયાદ હતી. તા. ૨૮ મેના રોજ લાભુબેનને શ્રી ગોપાલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા જ્યાં મગજની નસો ફાટી જવાને કારણે લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું તેમજ મગજમાં સોજો હોવાનું નિદાન થયું હતું. તેથી વધુ સારવાર માટે ૨ જૂન ના રોજ મહાવીર ટ્રોમાં હોસ્પીટલમાં દાખલ કરાયા હતા. પાંચ જૂને તબીબોએ તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. આ અંગે રામકૃષ્ણ એક્સપોર્ટના ચેરમેન ગોવિંદભાઈ ધોળકિયા અને ડૉ. હસમુખ સોજીત્રાએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી જાણકારી આપતા ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી લાભુબેનનાના પતિ મેઘજીભાઈ, પુત્રો બીપીનભાઈ, મુકેશભાઈ, શૈલેષભાઈ અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવતા પરિવારજનોએ અંગદાનની સંમતી આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલી કિડની બોરસદ, આણંદના રહેવાસી જયકૃષ્ણ ફુલાભાઈ પટેલ (ઉ.વ.૪૧) માં, જ્યારે લીવર અંજારના રહેવાસી રાજેશ દવે (ઉ.વ. ૫૫)માં અમદાવાદ ખાતે ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૫૪ કિડની, ૧૦૩ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હ્રદય અને ૨૧૮ ચક્ષુઓના દાન મેળવીને ૫૯૫ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

## ઢોલરિયા પરિવારે વૃદ્ધાનું અંગદાન કરી માનવતા મહેકાવી

# लेउवा पटेल समाज की ब्रेनडेड वृद्धा का परिजनों ने अंगदान कर चार लोगों को नयी जिंदगी दी

## डोनेट लाईफ संस्था की ओर से पिछले तीन दिनों में तीन परिवारों ने ब्रेनडेड सदस्यों के अंगो का दान किया



**लोकतेज संवाददाता**

सूरत। कतारगाम टेन रीवर पार्क सोसायटी की 77 वर्षीय लेउवा पटेल समाज की ब्रेनडेड वृध्दा के परिजनों ने अंगदान की अनुमति देने पर चार परिवार को नयी जिंदगी मिली।

डोनेट लाईफ संस्था की मदद से लगातार तीन दिनों में तीन ब्रेनडेड सदस्यों के अंगदान से 13 लोगों को नया जीवन मिला। डोनेट लाईफ संस्था की ओर से मिली जनकारी के अनुसार कतारगाम धनमोरा कोम्पलेक्ष के पास टेनरीवर पार्क सोसायटी की निवासी 77 वर्षिय लाभुबेन मेघजीभाई ढोलरिया तीन पुत्रों के साथ रहती थी। 28 मई को लाभुबेन को सरदर्द के साथ सीने में दर्द की शिकायत होने पर निजी अस्पताल में भर्ती किया गया। एमआरआई सीटीस्केन टेस्ट करने के बाद 2 जुन को महावीर ट्रोमा में भर्ती किया गया। 5 जुन को न्युरोसर्जन हसमुख सोजित्रा, न्युरोफिजिशियन पार्थीव देसाई ने लाभुबेन को ब्रेनडेड घोषित किया। रामकृष्ण एक्सपोर्ट के गोविंदभाई ढोलकिया और चिकित्सक हसमुख सोजित्रा ने डोनेट लाईफ के प्रमुख निलेश मांडलेवाला को लाभुबेन के ब्रेनडेड की टेलिफोनिक जानकारी दी थी। डोनेट लाईफ की टीम ने लाभुबेन के परिजनों को अंगदान की जानकारी देने पर परिवार के सदस्य अंगदान के लिए तैयार हुए। बोरसद के निवासी जयकृष्ण फुलाभाई पटेल उम्र 41 को किडनी, अंजार के निवासी 55 वर्षिय राजेश दवे को लिवर ट्रान्सप्लान्ट किया। दोनो आँखे लोकद्रष्टी चक्षुबेन्क को दान कि गयी। इस प्रकार लाभुबेन के अंगदान से चार लोगों को नया जीवन मिला। डोनेट लाईफ के सहकार से शहर से लगातार तीन दीनों में तीन ब्रेनडेड लोगों के अंगदान से 5 लोगों को किडनी, 2 को लीवर और 6 को चक्षुदान करने के साथ 13 लोगों को नया जीवन प्राप्त हुआ।

# લેઉવા પટેલ સમાજની વૃદ્ધાના અંગદાને ચારની જિંદગી મહેકાવી

સુરત : લેઉવા પટેલ સમાજના બ્રેઈનડેડ વૃદ્ધાના અંગદાન થકી ચાર જણાની જિંદગીમાં મહેક આવી હતી. છેલ્લા ત્રણ દિવસ દરમિયાન ડોનેટ લાઈફ દ્વારા ૫ કિડની, ૨ લિવર અને ૬ આંખો દાનમાં મેળવી ૧૩ વ્યક્તિઓને નવજીવન બક્ષવામાં આવ્યું છે. કતારગામ, ધનમોરા નજીક આવેલા ટેનરીવર પાર્ક સોસાયટીમાં રહેતા લાભુબેન મેઘજી ઢોલરિયા (ઉં.વ.૭૭) ને છેલ્લા દસ-બાર દિવસથી માથામાં દુ:ખાવાની ફરિયાદ હતી. દરમિયાન ગત તા.૨૮મીએ તેમને માથા અને છાતીમાં દુ:ખાવાની ફરિયાદ સાથે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તબીબી તપાસ દરમિયાન તેમના મગજમાં સોજો અને લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થતા ગત ૨ જૂના રોજ વધુ સારવાર માટે મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ત્યારબાદ ગઈકાલે તબીબોની ટીમે તેમને બ્રેઈનડેડ ઘોષિત કર્યા હતા. ડોક્ટરો દ્વારા ડોનેટ લાઈફનો સંપર્ક કરી આ અંગે જાણ કરાઈ હતી અને પરિવારના સંમતિ બાદ તેમના અંગોનું દાન કરાયું હતું. ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાએ જણાવ્યું હતું કે, લાભુબેનના આંખોનું દાન લોકદ્રષ્ટી ચક્ષુબેંક દ્વારા સ્વીકારાયું હતું. જયારે તેમની એક કિડની આણંદના જયકૃષ્ણ પટેલ (ઉં.વ.૪૧) અને લિવર અંજારના રાજેશ દવે (ઉં.વ.૫૫)માં ટ્રાન્સપ્લાન્ટ કરાઈ હતી.

# दो ब्रेनडेड लोगों ने दिया पांच को जीवन दान

सूरत| राजपूत और लेउआ पटेल समाज के दो ब्रेनडेड व्यक्तियों ने चार लोगों को जीवन दान दिया। कौसंबा ओमनगर सोसाइटी निवासी राजपूत समाज के 38 वर्षीय महेश कुमार उर्फ महिपाल सिंह को 4 जून को निजी अस्पताल ने ब्रेनडेड घोषित किया था। उनकी एक किडनी अहमदाबाद के 35 वर्षीय प्रदीप परसोत्तम चौहान को और दूसरी किडनी 16 वर्षीय यशेष जितेंद्र पटेल को और लीवर वडोदरा के 44 वर्षीय मेहुल मनु भाई पटेल को ट्रांसप्लांट किया गया। इसी तरह कतारगाम धनमोरा नव टेन रीवर निवासी लेउआ पटेल समाज की 77 वर्षीय लाभुबेन मेघजी भाई डोलरिया की किडनी आणंद निवासी 48 वर्षीय जय कृष्ण फूलाभाई पटेल को और अंजार के 55 वर्षीय राजेश दवे में लीवर ट्रांसप्लांट किया गया।

# DONATE LIFE

## CADAVER ORGAN DONATION FIGURES

**Date: january 2006 to 06th Jun 2018**

**254**
**KIDNEYS**
**103**
**LIVERS**
**6**
**PANCREAS**
**17**
**HEARTS**
**218**
**CORNEA**

**Which has given new lease of life &
vision to 595 persons across the country & globe**